


"ઓ હો હો હો... બહુ દિવસે દેખાયા..!"

"અરે... રોજ અહીંયા જ હોઈએ છીએ ભાઈ, પણ તમારા જોડે પંચાત ન કરીએ એટલે તમને લાગે કે અમે દેખાતા નથી."

"પણ ખરેખર હોં, તમારા વગર સુનુ સુનુ લાગતુ હતુ. વાચકો પણ સુના પડ્યા'તા અને પાનું પણ શુષ્ક લાગતુ હતુ."

"થોડુંક માપમાં... ચણાના ઝાડ પર ન ચઢાવો હવે. જો ભાઈ આજકાલ કોઈનેય સાચુ નથી સાંભળવુ, સારૂ જ સાંભળવુ છે અને આપણે રહ્યા તડ ને ફડ કરવાવાળા."

"હા તે એમાં ખોટુ શુ છે સાચુ તો કહેવુ જ પડે ને. એ આપણુ કર્મ છે, એ આપણો ધર્મ છે. મરચાં લાગે તો લાગે."

"હા, જુઓને આપણે એમ કહીએ કે સરકાર જામતી નથી તો કેવા પ્રત્યાઘાત પડે ? તમે સમજો છો ને..!"

"... પણ હુ એમ કહુ છુ કે એટલુ બધુ કડક નહી પણ થોડુંક મોઘમ કહો કે સરકારમાં થોડુ સખળ-ડખળ છે એવુ કહોને..."

"ખરાં છો તમે, બધુ એકનુ એક જ છે ને, તમે શબ્દોની રમત કરો છો, હુ સીધે સીધુ કહી દઉં છુ. પણ વાત તો એની એ જ છે,ને તોય અમારે વઢ ખાવી પડે છે."

"ખરૂ છે હો, પાણીમાં રહેવુ અને મગરથી ડરવુ એવુ કેમ ચાલે... આપણુ કામ જ આ છે ને ભાઈ, સાચાને સાચુ અને ખોટાને ખોટુ બેધડક કહી દેવુ. એક ઘા ને ત્રણ કટકાં..!!!"

"અરે ભઈ આપણે તો લડવુંય નથી ને, કટકાયે નથી કરવા, બધુ સારૂ કરવુ છે. સુધારવુ છે અને સાજા કરવા માટે દવા કડવી જ આપવી પડે એ ડૉક્ટરનો ધર્મ છે. એમ કોઈની ભુલ બતાવવી એ આપણો ધર્મ છે. આમાં આટલુ બધુ મન ઉપર શાનુ લો છો."

"સારૂ તમે કહો છો તો રોજ મળશુ, કોઈએ બંધ બેસતી પાઘડી પહેરવી નહી અને ખોટા ખરા લગાડવા નહી. આને તમારે પંચાત કહેવી હોય તો પંચાત અને મુલ્યાંકન કહેવુ હોય તો એ... પણ જે કરશું એ સારા માટે કરશુ. અમારી તો નીતિએ સાફ છે અને નિયત પણ સાફ છે. રાજકીય મંડળીઓ જેવુ નહી..."

"હા સાહેબ હા... બહુ કરી હો, હવે રોજ આવજો હોં..."




ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી) દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની પૂર્વ સંધ્યાએ સ્વર્ણિમ પાર્ક, ગાંધીનગર ખાતે 'પનોતી પ્લાસ્ટીકની' નામક શેરી નાટકની ભજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કૃષિ, પંચાયત, પર્યાવરણ મંત્રી જયદ્રથસિંહજી પરમાર અને અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવીણભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આ વખતના વિશ્વ પર્યાવરણ દિવસની થીમ છે 'બીટ પ્લાસ્ટીક પૉલ્યુશન'. આ સંદર્ભમાં 'ગેમી' દ્વારા લોકજાગૃતિ અર્થે આ શેરી નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. શેરી નાટકના માધ્યમથી ઉપસ્થિત નગરજનોને પ્લાસ્ટીકના આપણા જીવનમાં વધારે પડતા સ્થાન ઉપરાંત તેનાં ભયસ્થાનોથી પણ જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પ્લાસ્ટીક સામેની જંગમાં હવે જીતવાનું જ છે અને પ્લાસ્ટીકને હાર આપવાની છે એવો સંદેશ નાટકના માધ્યમથી પ્રસારિત કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં જાગૃત નગરજનોએ ઉપસ્થિત રહી આ નાટકને માણ્યું હતું.

## મનપાની સ્થાયી સમિતિની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની મહત્વની બેઠક ૬ જુનના રોજ સવારે ૧૧ વાગે મળશે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બેઠકમાં 'ઘ' તેમજ 'ચ' રોડ પર ચેઈનલીંક જાળી નાખવા મોટના ટેન્ડરને મંજૂરી આપવા ઉપરાંત ૪ જેટલા કામો હાથ ધરવામાં આવનાર છે.

આ બેઠકમાં મનપા દ્વારા આગામી દિવસોમાં પ્લાસ્ટીક ફ્રી સીટી બનાવવાની ઝુંબેશના આયોજનને મંજૂરી આપવા ઉપરાંત ફૂડ વિભાગ તેમજ શોપ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ શાખાની બાકી લેણાંની વસુલાત અંગે પણ સમીક્ષાની કામગીરી કરવામાં આવનાર છે.

# સરકારની ચિંતન શિબિર વડોદરામાં

### રાજ્ય મંત્રીમંડળ તેમજ તમામ સનદી અધિકારીઓની ચિંતન શિબિર ત્રિદિવસીય રહેશે : ૧૦ થી વધુ વિષયો પર ચિંતન કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૪

આગામી ૭, ૮ અને ૯ જુન દરમ્યાન વડોદરા ખાતે રાજ્ય સરકારના અધિકારીઓની ચિંતન શિબિર યોજાશે.

વડોદરા ખાતે યોજાનાર આ ચિંતન શિબિર માટેની રાજ્ય સરકાર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ ત્રિદિવસીય ચિંતન શિબિરમાં વહીવટીતંત્રને વધુ ગતિશીલ અને નિર્ણયલક્ષી સરકાર બનાવવા ઉપરાંત આગામી જાન્યુઆરીમાં યોજાનાર વાયબ્રન્ટ સમીટ ૨૦૧૯, શાળા પ્રવેશોત્સવ તેમજ સુજલામ્ સુફલામ જળસંચય યોજના અને રાજ્ય સરકારે ૨૦૨૨ સુધીમાં મેલેરિયા મુક્ત ગુજરાત બનાવવાના કરેલા નિર્ણય પર ચિંતન કરવામાં આવશે.

સચિવાલયના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ચિંતન શિબિરમાં અધિકારીઓના જુદા જુદા ગૃપો બનાવી અને સરકારના આગામી કાર્યક્રમોને લઈ રોડમેપ પણ તૈયાર કરવામાં આવનાર છે. આ ચિંતન શિબિરમાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપરાંત તેમના મંત્રીમંડળના તમામ સભ્યો તેમજ રાજ્ય સરકારના તમામ સનદી અધિકારીઓ જોડાશે.

આ ચિંતન શિબિરમાં વિવિધ જિલ્લાઓ દ્વારા પ્રેઝન્ટેશન પણ રજુ કરવામાં આવનાર છે. જેમાં ઈનોવેટીવ કામગીરી પણ એક મુદ્દો હશે. બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગરથી તમામ સનદી અધિકારીઓ લકઝરી કોચ દ્વારા વડોદરા જવા રવાના થનાર છે.

**હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ**

## પ્રથમ દિવસે જ ૫૦૪ તાવના દર્દી મળી આવ્યા

### ૧૬૩૦ જેટલા સ્થાનો પર મચ્છરના ઉત્પત્તિ કેન્દ્રો જોવા મળતાં તંત્રએ પોરાનાશક કામગીરી હાથ ધરી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટે શરૂ થયેલા અભિયાનના પ્રથમ દિવસે ૫૦૪ જેટલા તાવના દર્દી શોધીને તેમના લોહીના નમૂના મેળવી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

ત્રીજા અને અંતિમ રાઉન્ડમાં આજે સર્વેલન્સ દરમ્યાન ૩,૧૯,૭૨૭ વ્યક્તી અને ૬૪૦૮૧ મકાનોને આવરી લેવામાં આવ્યા હતા.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સર્વેલન્સ દરમ્યાન ૧૬૩૦ સ્થાનો પરથી મચ્છરના બ્રિડીંગ મળી આવતાં તંત્રની ટીમો દ્વારા તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી.

તંત્ર દ્વારા પાણીની ટાંકીઓ, ઘરના ધાબા કે છત પર મુકેલ ભંગાર હટાવવાની કામગીરી સાથે મચ્છરોના બ્રીડીંગ શોધી કાઢ્યા હતા. મચ્છરોના બ્રિડીંગ મોટી સંખ્યામાં મળતાં તંત્રએ પણ સર્વેલન્સની કામગીરીને સઘન બનાવવા માટેની સૂચનાઓ આપી છે.

જિલ્લામાં નવમી જૂન સુધી આ કાર્યવાહી થશે. તંત્રની ટીમો દ્વારા મેલેરિયા થતો અટકાવવા માટેની સમજ આપી અને જનજાગૃતિ અભિયાન પણ છેડવામાં આવ્યુ છે. મચ્છરથી બચવા શું શું કરશો, મેલેરિયા પોઝીટીવ હોય તો ગભરાવવાની જરૂર નથી તેની સમયસર સારવાર લેવા અંગેની સમજ આપતી પત્રિકાઓ પણ સાથે સાથે કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં વિતરણ કરાઈ હોવાનું જાણવા મળેલ છે.

# આવતીકાલે જિલ્લાની આરોગ્ય સેવાઓ અંગે સમીક્ષા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ચાલતી આરોગ્યલક્ષી યોજનાઓની પ્રભારી મંત્રી પરબતભાઈ પટેલ દ્વારા ૬ જુનના રોજ સમીક્ષા હાથ ધરાશે.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આ સમીક્ષા બેઠકમાં ૨૦૧૭-૧૮માં મિશન અંતર્ગત થયેલ ભૌતિક અને નાણાંકીય ખર્ચને લઈ સમીક્ષા હાથ ધરવામાં આવનાર છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આ સમીક્ષા બેઠકને લઈ તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

આ બેઠકમાં પ્રભારી મંત્રી પરબતભાઈ પટેલ ઉપરાંત જિલ્લા કલેક્ટર લાંગા, જિલ્લા વિકાસ અધિકારી કોયા, જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર, આરોગ્ય સમિતિના ચેરમેન આશાબા રાઠોડ, ચારેય તાલુકા પંચાયતના પ્રમુખો, ચારેય નગરપાલિકાના નગરપતિ તેમજ સંબંધિત વિભાગોના અધિકારીઓ અને આરોગ્યતંત્રના અધિકારીઓ હાજરી આપશે.

જિલ્લા પ્રભારી મંત્રી સમક્ષ જિલ્લામાં આરોગ્યની સેવાઓ ગુણવત્તાસભર બનાવવા માટે લેવાયેલ પગલાંઓ, હેલ્થમિશન અંતર્ગત જનની સુરક્ષા યોજના, બાલસખા યોજના, કસ્તુરબા પોષણ યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, કન્યાઓના જન્મને વધાવતી યોજના સહિતની વિવિધ યોજનાઓ તેમજ રસીકરણના કાર્યક્રમો અને કુટુંબ નિયોજનના કાર્યક્રમો સહિતની કામગીરીની વિસ્તૃત ચર્ચાઓ કરાશે.

તંત્ર દ્વારા ભૌતિક અને નાણાંકીય કામગીરીનો ચિતાર આપતુ પ્રેઝન્ટેશન પણ રજુ કરવામાં આવશે. આ બેઠકમાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે લેવાયેલ પગલાં તેમજ માતા મરણ અને બાળ મરણ ઘટાડવાની દિશામાં કરાયેલ કાર્યવાહી, આર.એસ.બી.વાય. અંતર્ગત થયેલ કામગીરીની પણ ચર્ચાઓ થશે તેમ જાણવા મળેલ છે.

# ધોરણ-૧૦માં ૦-ટકા પરિણામ બદલ કલોલ હાઈસ્કુલની ગ્રાન્ટ બંધ

### જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા નોટીસ આપી ગ્રાન્ટ બંધ કરી દેવાઇ

ગાંધીનગર તા ૪

ગાંધીનગર જિલ્લામાં ધોરણ -૧૦ માં ૧૨ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી નીચુ આવ્યુ છે. જયારે જિલ્લાની એક શાળાનુ પરિણામ ૦ ટકા આવ્યુ છે. જો કે ગત વર્ષની સાપેક્ષમા જિલ્લામાં બે શાળાઓનો ઘટાડો થયો છે. પરંતુ ૦ ટકા પરિણામ ધરાવતી કલોલની ગોલ્ડન હાઈસ્કુલને શિક્ષણતંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે. ગ્રાન્ટેડ શાળા હોવાથી શાળાને ગ્રાન્ટ નહીં આપવા માટે પણ નોટીસ આપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં ધોરણ -૧૦ માં ૧૨ જેટલી શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી નીચુ આવ્યુ છે. જો કે ધોરણ -૧૦ માં નબળુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા વધી છે. પરંતુ જિલ્લાની એક શાળાનુ પરિણામ ૦ ટકા આવ્યુ છે. ગત વર્ષે ત્રણ જેટલી શાળાઓનુ પરિણામ શુન્ય હતુ. જયારે આ વર્ષે બે શાળાઓ ઘટી છે. અલબત્ત એક શાળાનુ પરિણામ ૦ ટકા છે. જો કે શાળાનુ આટલુ નબળુ પરિણામ જિલ્લા શિક્ષણ તંત્ર માટે પણ ચિંતાનો વિષય છે. નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં વધારાના વર્ગો શરૂ કરવા સહીત આચાર્યો સાથે સમયાંતરે બેઠક સહીતનુ આયોજન જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા કરવામાં આવે છે. જેના અંતે પરિણામની ટકાવારીમાં પણ સુધાર જોવા મળ્યો હોવાનુ શિક્ષણ તંત્રએ જણાંવ્યુ છે. પરંતુ હજુ પણ પરિણામ સુધારણા મામલે જિલ્લા શિક્ષણતંત્રએ અસરકારક પગલા લેવાની અનિવાર્યતા છે. આવા સંજોગોમાં ધોરણ -૧૦ માં કલોલની ગોલ્ડન શાળાનુ પરિણામ ૦ ટકા આવતા જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પણ આ શાળા સામે આકરા પગલા લેવાયા છે. શિક્ષણાધિકારીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આ શાળા ગ્રાન્ટેડ છે. જયારે ધોરણ -૧૦ માં શાળાનુ પરિણામ ૦ ટકા આવતા શાળાની ગ્રાન્ટ અટકાવી દેવા સુધીના પગલા લેવાયા છે. આ મામલે શાળાને નોટીસ પણ આપી દેવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આ શાળાને નોટીસ આપી શાળાને ગ્રાન્ટ નહીં આપવા માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## પુસ્તક પરબમાં ૧૫૦૦ પુસ્તકોનું આદાન-પ્રદાન

### દર માસના પ્રથમ રવિવારે સવારે પુસ્તક પરબનું આયોજન શહેરના હાર્દસમા ઘ-૪ સર્કલે કરવામાં આવે છે



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા દર માસના પ્રથમ રવિવારે સવારે પુસ્તક પરબનું આયોજન શહેરના હાર્દસમા ઘ-૪ સર્કલે કરવામાં આવે છે. આ રવિવારે આયોજિત પુસ્તક પરબમાં ૨૦૦થી વધુ મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી.

મે માસની પુસ્તક પરબમાં ૯૫૦ જેટલા પુસ્તકો અને સામાયિકોની આવક નોંધાઈ હતી જ્યારે ૩૭૬ પુસ્તકો અને ૧૫૦ જેટલા સામાયિક વાચકો વાંચવા માટે લઈ ગયા હતા. પુસ્તક પરબમાં આ વખતે ગુડાના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે, જીપીએસસીના પૂર્વ બોર્ડ સભ્ય પ્રવિણ વઘાસીયા, તોલમાપ વિભાગના નાયબ નિયામક અશોક મકવાણા ઉપરાંત હર્ષદભાઈ શાહ, ડૉ. ચેતનાબેન જેવા અગ્રણીઓએ મુલાકાત લીધી હતી. આ રવિવારે એક તરફ યુવા વર્ગને આકર્ષતો જલ્સા સ્ટ્રીટ કાર્યક્રમ ચાલી રહ્યો હતો અને બીજી તરફ અર્ધ સુરક્ષા દળોની મેરેથોનનું સમાપન યોજાયું હતુ, આ બંને વચ્ચે પુસ્તક પરબની સુવાસ રેલાઈ હતી જેના પગલે અનેક યુવાનો અને સુરક્ષા કર્મીઓએ પણ પુસ્તક પરબની મુલાકાત લીધી હતી.

# આગામી શૈક્ષણિક સત્રના પ્રારંભે શાળાઓમાં ૧૬૦ પ્રવાસી શિક્ષકોને નિમણુંક અપાશે

ગાંધીનગર તા ૪

ગાંધીનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન નિવારવા માટે આગામી ઉઘડતા શૈક્ષણિક સત્ર દરમિયાન પ્રવાસી શિક્ષકોની ભરતી કરાશે. જિલ્લાની વિવિધ શાળાઓ પૈકી માધ્યમિકમાં ૭૫ અને ઉચ્ચતર માધ્યમિકમાં ૮૫ પ્રવાસી શિક્ષકોની ભરતી કરાશે.

ગાંધીનગર જિલ્લામાં શિક્ષણના મામલે દિવા તળે અંધારુ હોય તેવી સ્થિતિ ઘણીવાર સર્જાય છે. શાળાઓમાં માળખાગત સુવિધાઓના અભાવ વચ્ચે વિદ્યાર્થીઓને મુંઝવણમાં મુકાવાનો વારો આવતો હોવાના કિસ્સાઓ પણ અગાઉ પ્રકાશમાં આવ્યા છે. જયારે આજના સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં હાઈટેક બનતી શાળાઓ અને શિક્ષણ પ્રણાલી વચ્ચે વિદ્યાર્થીઓને આધુનિક ઢબે પાયાનુ શિક્ષણ આપવાનુ પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે બોર્ડ પરિણામમાં પણ સરકારી શાળાઓનુ નીચુ પરિણામ શિક્ષણ વિભાગ માટે ચિંતાનો વિષય બન્યો છે. બોર્ડના પરિણામના અંતે શાળાઓનુ નબળુ પરિણામ સુધારવા માટે પણ શિક્ષણ તંત્ર દ્વારા નવતર આયોજન કરવામાં આવી રહયુ છે. જયારે શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન પણ મુખ્ય બન્યો છે. જેને નિવારવા શિક્ષણતંત્ર દ્વારા પ્રવાસી શિક્ષકોની યોજના અમલી બનાવવામાં આવી છે. જયારે આ યોજનાને લંબાવી દેવામાં આવતા શાળાઓમાં શિક્ષકોની ઘટને નિવારવાનુ સરળ બન્યુ છે. જિલ્લામાં આગામી ઉઘડતા શૈક્ષણિક સત્ર દરમિયાન જિલ્લાની માધ્યમિક શાળાઓમાં ૭૫ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૮૫ જેટલા પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપવામાં આવશે.શિક્ષણ વિભાગ દ્વારા પ્રવાસી શિક્ષકોની યોજના વર્ષ ૨૦૧૯ સુધી લંબાવામાં આવી છે. જયારે આગામી શૈક્ષણિક સત્ર દરમિયાન શિક્ષકોની ઘટ નિવારવા માટે પ્રવાસી શિક્ષકો વિદ્યાર્થીઓ માટે પથદર્શક બનશે.

**જિલ્લાની ૭૫ માધ્યમિક અને ૮૫ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની ભરતી કરાશે**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com